# એસટી કર્મીઓનું મોંઘવારી ભથ્થું વધારી 58 ટકા કરાયું

**એસટી** નિગમના 40 હજાર કર્મચારીઓને લાભ મળશે, સરકાર પર 24 કરોડનો બોજો પડશે

અમદાવાદ: રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. હવે એસટી કર્મચારીઓને 55 ટકાના બદલે 58 ટકા મોંઘવારી ભથ્થું (DA) મળશે. સરકારના આ નિર્ણયથી નિગમના આશરે 40 હજાર કર્મચારીઓને લાભ મળશે અને તેમને કુલ રૂ. 24 કરોડથી વધુનો આર્થિક ફાયદો થશે. આ માહિતી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા મારફતે આપી હતી.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો કરવાના નિર્ણયની જાહેરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા મારફતે કરતા જણાવ્યું કે એસટી નિગમના કર્મચારીઓના હિતમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો કરવામાં આવ્યો છે અને આ અંગેના વિગતવાર આદેશો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ગુજરાત એસટી નિગમમાં ડ્રાઈવર, કંડક્ટર, વર્કશોપ સહિત વિવિધ વિભાગોમાં આશરે 40 હજાર કર્મચારીઓ ફરજ બજાવે છે. રાજ્યભરમાં દરરોજ હજારો બસોનું સંચાલન કરીને લાખો મુસાફરોને પરિવહન સેવા પૂરી પાડવામાં આવે છે. એસટી નિગમની 16 ડિવિઝન દ્વારા રાજ્યની અંદર તેમજ અન્ય રાજ્યો સુધી બસ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

# હવેથી કચરાનું 4 ભાગમાં વર્ગીકરણ

**સરકારી** કચેરીઓ, શાળાઓ અને હોસ્પિટલોમાં લાગુ થશે ‘ચાર ડબ્બાની સિસ્ટમ’



ગાંધીનગર: રાજ્યમાં સ્વચ્છતા અને વૈજ્ઞાનિક કચરા વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવવા માટે અમલમાં આવેલા ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-2026ના અસરકારક અમલીકરણ માટે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં રાજ્યકક્ષાનો એક દિવસીય વર્કશોપ યોજાયો હતો. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં યોજાયેલા આ વર્કશોપમાં રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના પદાધિકારીઓને નવા નિયમોના કડક અમલીકરણ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વર્કશોપને સંબોધતા શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવો માત્ર સરકારની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકની નૈતિક અને સામાજિક ફરજ છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓએ માત્ર વહીવટકર્તા નહીં પરંતુ જનજાગૃતિ ફેલાવતા ‘ફેસિલિટેશન લીડર’ તરીકે કામ કરીને સ્વચ્છતાને જનઆંદોલન બનાવવું પડશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશો બાદ ઘન કચરા વ્યવસ્થાપનના નિયમોને વધુ કડક બનાવવામાં આવ્યા છે, જેથી કચરાના અયોગ્ય નિકાલથી ઉભા થતા આરોગ્ય અને પર્યાવરણના જોખમોને અસરકારક રીતે અટકાવી શકાય. તેમણે કચરા સંગ્રહથી લઈને અંતિમ નિકાલ સુધી જીપીએસ આધારિત વાહન ટ્રેકિંગ સિસ્ટમ, અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ અને સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની પૂર્ણ ક્ષમતાથી કામગીરી પર પણ ભાર મૂક્યો હતો.

શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ એમ. થેન્નારસને જણાવ્યું હતું કે રાજ્યમાં હવે કચરાનું માત્ર ભીનું અને સૂકું એમ બે નહીં, પરંતુ ભીનો, સૂકો, સેનિટરી અને ખાસ કાળજીવાળો કચરો એમ ચાર પ્રકારમાં વર્ગીકરણ ફરજિયાત રહેશે. પ્રથમ તબક્કામાં સરકારી કચેરીઓ, શાળાઓ અને હોસ્પિટલોમાં ચાર ડબ્બાની સિસ્ટમ અમલમાં મૂકવામાં આવશે. ત્યારબાદ આગામી ત્રણથી ચાર મહિનામાં ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ કરતી તમામ ગાડીઓને પણ ચાર વિભાગ મુજબ રૂપાંતરિત કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તમામ ડમ્પિંગ સાઇટની નોંધણી ફરજિયાત બનાવવામાં આવી છે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જૂના કચરાના વૈજ્ઞાનિક નિકાલ માટે બાયો-માઈનિંગ અને રેમિડિએશનની કામગીરીને પણ વધુ વેગ આપવામાં આવશે. રાજ્યની તમામ નગરપાલિકાઓની કચરા સંગ્રહ કરતી ગાડીઓનું જીપીએસ આધારિત કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવશે, જેથી સમગ્ર કચરા વ્યવસ્થાપન પ્રક્રિયા વધુ પારદર્શક અને કાર્યક્ષમ બની શકે.

### વોલીબોલ ચેમ્પિયનશિપ માટે

# ગુજરાતની રાજલ વાળા ભારતીય ટીમની કેપ્ટન બની

**ગુજરાતની** ટીમમાં ગુજરાતની વધુ બે ખેલાડીઓ અર્પિતા વાઢેર અને ફોરમ કાગથરાનો સમાવેશ

ગાંધીનગર: ગુજરાત માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. થાઈલેન્ડના નાખોન રાત્ચાસિમા ખાતે 1થી 7 જુલાઈ, 2026 દરમિયાન યોજાનારી 16મી AVC એશિયન વિમેન્સ અંડર-18 વોલીબોલ ચેમ્પિયનશિપ માટે ગુજરાતની 16 વર્ષીય ખેલાડી રાજલ વાળાની ભારતીય અંડર-18 મહિલા વોલીબોલ ટીમના કેપ્ટન તરીકે પસંદગી કરવામાં આવી છે. આ સાથે ભારતની ટીમમાં ગુજરાતની વધુ બે ખેલાડીઓ અર્પિતા વાઢેર અને ફોરમ કાગથરાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય ટીમમાં ગુજરાતની ત્રણ ખેલાડીઓની પસંદગી રાજ્યના રમતગમત ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવી રહી છે. ત્રણેય ખેલાડીઓ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત સંચાલિત નડિયાદ સ્થિત હાઈ પર્ફોર્મન્સ સેન્ટરમાં તાલીમ મેળવી રહી છે. આ કેન્દ્ર છેલ્લા કેટલાક વર્ષોથી આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ તૈયાર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે.

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના સરખડી ગામની રહેવાસી રાજલ વાળા એશિયાની મજબૂત યુવા ટીમો સામે ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. જ્યારે ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના વાવડી ગામની 17 વર્ષીય અર્પિતા વાઢેર અને અમરેલી જિલ્લાની 17 વર્ષીય ફોરમ કાગથરા પણ ભારતીય ટીમમાં સ્થાન મેળવી ગુજરાતનું ગૌરવ વધારશે. આ પ્રસંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ત્રણેય ખેલાડીઓને ભારતીય ટીમમાં પસંદગી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### સૌથી વધુ જીવલેણ માર્ગ અકસ્માતોમાં 100 જિલ્લામાં સુરત ગ્રામ્યનો સમાવેશ થતાં

# માર્ગ અકસ્માતમાં થતાં મૃત્યુ રોકવા સુરતનો એક્શન પ્લાન

**જિલ્લા** રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં કલેક્ટર તેજસ પરમારે વિવિધ વિભાગોને સોંપી જવાબદારી

**બ્લેક સ્પોટની સંયુક્ત મુલાકાત લઈ સુધારા કરવા સૂચના**

જિલ્લામાં અકસ્માતપ્રવણ સ્થળો (બ્લેક સ્પોટ)ની સંયુક્ત મુલાકાત લઈને જરૂરી સુધારાઓ કરવા માટે પણ વિવિધ વિભાગોને સૂચનો આપવામાં આવ્યા હતા. એન્થમ સર્કલ ખાતે સતત સર્જાતી ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે SVNIT દ્વારા કરાયેલા અભ્યાસના આધારે જરૂરી ફેરફારો અમલમાં મુકાયા હોવાનું બેઠકમાં જણાવાયું હતું. માર્ગ સલામતી અંગે જનજાગૃતિ વધારવા માટે ‘સડક સુરક્ષા મિત્ર’કાર્યક્રમ હેઠળ 30 સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવી છે. ઉપરાંત શાળાના બસ ડ્રાઈવરો અને વાનચાલકોને સલામત વાહનચાલન અંગે વિશેષ તાલીમ આપવામાં આવી હોવાનું આરટીઓ વિભાગે બેઠકમાં જણાવ્યું હતું.

સુરતઃ દેશના સૌથી વધુ જીવલેણ માર્ગ અકસ્માતો નોંધાતા 100 જિલ્લામાં સુરત ગ્રામ્યની પસંદગી થતાં હવે માર્ગ સલામતી માટે વિશેષ એક્શન પ્લાનના આધારે કામગીરી હાથ ધરાશે. જિલ્લા કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને યોજાયેલી જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં આ મુદ્દો કેન્દ્રસ્થાને રહ્યો હતો.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં માર્ગ અકસ્માતો અટકાવવા માટે વિવિધ વિભાગો વચ્ચે સંકલન વધારવા અને જોખમી સ્થળોએ તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સેવ લાઈફ ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરાયેલા એક્શન પ્લાનને અમલમાં મૂકવા માટે જિલ્લા આરોગ્ય વિભાગ અને પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી (RTO)ના સંકલનથી નોડલ અધિકારીની નિમણૂક કરવામાં આવશે. આ અધિકારી સમગ્ર કાર્યક્રમના અમલીકરણ અને દેખરેખની જવાબદારી સંભાળશે. બેઠકમાં સુરત શહેર વિકાસ સત્તામંડળ સ્તિારમાં કેનાલોની બંને બાજુ સલામતી માટે ક્રેશ બેરિયર અને પ્રોટેક્શન વોલ બનાવવાની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

### જલગાંવ-ઇટારસી-જબલપુર થઈને નહીં જાય

# સુરત-છપરા ક્લોન સ્પેશિયલ ટ્રેન બદલાયેલા રૂટ પર દોડશે

**રેલવે** ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં કામોને કારણે રૂટ ડાયવર્ટ કરાયો

સુરતઃ રેલવે દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કામગીરીને કારણે ટ્રેન સંખ્યા 09065/09066 સુરત-છપરા-સુરત ક્લોન સ્પેશિયલ એક્સપ્રેસને હાલ પૂરતી બદલાયેલા માર્ગ (ડાયવર્ટેડ રૂટ) પરથી ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રેલવે પ્રશાસનના જણાવ્યા અનુસાર, આ સ્પેશિયલ ટ્રેન પોતાના નિયમિત માર્ગ સુરત-ઉધના-જલગાંવ-ઈટારસી-જબલપુર થઈને નહીં દોડે, પરંતુ તેના બદલે આ ટ્રેનને ડાયવર્ટ કરીને સુરત-ભરૂચ-રતલામ-ઉજ્જૈન-બીના-વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી-ગોવિંદપુરી-પ્રયાગરાજ-જ્ઞાનપુર રોડ-વારાણસી-ગાજીપુર સિટી-છપરા માર્ગ પરથી સંચાલિત કરવામાં આવશે. આ નવી વ્યવસ્થા જુલાઈ 2026 માં ચાર વધારાના ફેરા માટે લાગુ રહેશે, જેમાં ટ્રેન આગામી 7, 14, 21 અને 28 જુલાઈ 2026 ના રોજ આ પરિવર્તિત માર્ગ પરથી જ પસાર થશે.

આથી, જે મુસાફરોએ આ તારીખોમાં મુસાફરી કરવાનું આયોજન કર્યું છે, તેમણે ખાસ ધ્યાન રાખવું પડશે કે ટ્રેન તેના નિયમિત રૂટના સ્ટેશનો, મુખ્યત્વે ઉધના, જલગાંવ, ઈટારસી અને જબલપુર થઈને પસાર થશે નહીં. રેલવે અધિકારીઓના જણાવ્યા મુજબ, ઉત્તર રેલવે ક્ષેત્રમાં ચાલી રહેલા રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામોને કારણે આ કામચલાઉ ફેરફાર કરવામાં આવ્યો છે અને આ કામગીરી પૂર્ણ થયા બાદ ટ્રેનને ફરીથી તેના નિયમિત માર્ગ પર પુનઃસ્થાપિત કરવામાં આવશે.

# મોડે મોડા આવીને પણ વરસાદે ધરતીપુત્રોને બચાવી લીધા

**80 હજાર એકર ડાંગરનો પાક બચ્યો, શેરડીમાં સફેદ માખીનો ઉપદ્રવ ઘટશે**

**કેળાં**-પપૈયાં સહિત બાગાયતી પાકને જીવતદાન

સુરતઃ ચોમાસું આ વર્ષે અંદાજે પખવાડિયું મોડું જામતાં સુરત, તાપી સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ખેડૂતો ચિંતામાં મુકાયા હતા. જોકે છેલ્લા બે દિવસ દરમિયાન પડેલા સરેરાશ બે ઈંચ જેટલા સાર્વત્રિક વરસાદે ખેડૂતોને મોટી રાહત આપી છે.

ખેડૂત અને સહકારી અગ્રણી જયેશભાઈ એન. પટેલ (દેલાડ) એ જણાવ્યું હતું કે સુરત અને તાપી જિલ્લામાં હવે વાવણી લાયક વરસાદ થઈ ગયો હોવાથી ખેડૂત સમાજમાં આનંદનો માહોલ છે. બે ઈંચ વરસાદના કારણે શેરડીના પાકમાં સફેદ માખીનો ઉપદ્રવ ઘટવાની શક્યતા છે, જ્યારે પાણીના અભાવે સુકાઈ રહેલા ડાંગર તથા બાગાયતી પાકને નવજીવન મળ્યું છે. ખેડૂતો હવે ડાંગરની ધરું વાળવાની કામગીરી શરૂ કરી રહ્યા છે, જ્યારે કપાસની વાવણીને પણ વેગ મળ્યો છે.

સુરત, તાપી, વલસાડ અને ડાંગ જિલ્લાના ડુંગરાળ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં વરસાદ આધારિત ડાંગરની ખેતી થાય છે. વરસાદના અભાવે ખેડૂતો વાવણી શરૂ કરી શકતા નહોતા અને આશરે 80 હજાર એકર વિસ્તારમાં ડાંગરના પાક સામે જોખમ ઊભું થયું હતું. હવે સમયસર વરસાદ થતાં આ પાકને મોટું નુકસાન થતું અટક્યું હોવાનું કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા વર્તુળોનું માનવું છે. બીજી તરફ સુરત, ભરૂચ, નર્મદા, નવસારી અને વલસાડ જિલ્લામાં કેળા તથા પપૈયા જેવા બાગાયતી પાકોનું મોટા પાયે ઉત્પાદન થાય છે. તાજેતરમાં રોપવામાં આવેલા કેળાના ટિસ્યુ કલ્ચરના છોડને પૂરતો ભેજ ન મળતાં ગરમીના કારણે તે સૂકાઈ જવાની દહેશત સર્જાઈ હતી. હવે સતત વરસાદ શરૂ થતાં કેળા, પપૈયા સહિતના બાગાયતી પાકોને પૂરતો ભેજ મળતા ખેડૂતોને મોટી રાહત થઈ છે.

# વરસાદ અટકે તો ચિંતા, ઉકાઈની સપાટી ગત વર્ષ કરતાં 10 ફૂટ ઓછી

**ઉપરવાસમાં** વરસાદની શરૂઆત છતાં ઉકાઈ ડેમમાં નવા નીરની રાહ

**સરેરાશ કરતાં પણ ઓછી સ્થિતિ**

2020થી 2026 સુધીના ઉપલબ્ધ આંકડાઓ પ્રમાણે 30 જૂનની સરેરાશ સપાટી અંદાજે 312.7 ફૂટ થાય છે. તેની સરખામણીએ હાલની સપાટી લગભગ 4 ફૂટ ઓછી છે. આ દર્શાવે છે કે ડેમમાં પાણીનો જથ્થો સામાન્ય વર્ષોની તુલનામાં ઓછો છે.

**રૂલ લેવલથી 12.36 ફૂટ સપાટી નીચી**

1લી જુલાઈથી ઉકાઈ ડેમનું રૂલલેવલ શરૂ થઈ રહ્યું છે. 1 જુલાઈથી ઉકાઈ ડેમનું રૂલ લેવલ 321 ફૂટ છે. એટલે કે હાલની સપાટી જોતા રૂલ લેવલથી 12.36 ફૂટ નીચી જણાઈ રહી છે.

સુરતઃ દક્ષિણ ગુજરાત માટે જીવનદોરી સમાન ઉકાઈ ડેમના ઉપરવાસમાં વરસાદની શરૂઆત થઈ ગઈ છે, પરંતુ અત્યાર સુધી એવો વ્યાપક વરસાદ નોંધાયો નથી કે જેના કારણે ડેમમાં નવા નીરની નોંધપાત્ર આવક શરૂ થઈ શકે. પરિણામે ડેમના સત્તાધીશો સહિત ખેડૂતો અને દક્ષિણ ગુજરાતના લાખો લોકો હવે ઉપરવાસમાં ભારે વરસાદની રાહ જોઈ રહ્યા છે.

30 જૂન, 2026ના રોજ ઉકાઈ ડેમની સપાટી 308.64 ફૂટ નોંધાઈ છે. આ સપાટી ગયા વર્ષે આ જ તારીખે નોંધાયેલી 318.56 ફૂટની સરખામણીએ આશરે 10 ફૂટ ઓછી છે. આ તફાવત હાલની જળસ્થિતિ અંગે ચિંતાનું કારણ બની રહ્યો છે. ઉકાઈ ડેમમાં છેલ્લા 7 વર્ષમાં 30 જૂનની સપાટીના આંકડાઓનું વિશ્લેષણ કરીએ તો 2026ની સપાટી છેલ્લા સાત વર્ષમાં ચોથા ક્રમે સૌથી નીચી છે. માત્ર 2024માં 305.71 ફૂટની સપાટી વધુ નીચી નોંધાઈ હતી. રસપ્રદ બાબત એ છે કે 2023 અને 2026માં સપાટી એકસરખી 308.64 ફૂટ નોંધાઈ છે.

2025માં 30 જૂનના રોજ ડેમની સપાટી 318.56 ફૂટ હતી, જ્યારે આ વર્ષે તે 308.64 ફૂટ છે. એટલે કે એક જ વર્ષમાં આશરે 9.92 ફૂટનો ઘટાડો નોંધાયો છે. ઉકાઈ ડેમમાં મુખ્ય પાણીની આવક મહારાષ્ટ્રના ઉપરવાસ અને કેચમેન્ટ વિસ્તારમાં પડતા ભારે વરસાદ પર આધારિત રહે છે. હાલમાં વરસાદની શરૂઆત થઈ હોવા છતાં ડેમમાં નવા નીરની નોંધપાત્ર આવક શરૂ થઈ નથી. જો આગામી દિવસોમાં ઉપરવાસમાં સારો વરસાદ નોંધાશે તો ડેમની સપાટીમાં ઝડપથી વધારો થઈ શકે છે. બીજી તરફ જો વરસાદમાં વધુ વિલંબ થશે તો પાણીની સ્થિતિને લઈને ચિંતા વધી શકે છે.

**30 જૂનની તારીખે છેલ્લાં સાત વર્ષમાં ઉકાઈ ડેમની સપાટી**

| વર્ષ | સપાટી (ફૂટ) |
|---|---|
| 2026 | 308.64 |
| 2025 | 318.56 |
| 2024 | 305.71 |
| 2023 | 308.64 |
| 2022 | 315.36 |
| 2021 | 313.95 |
| 2020 | 318.27 |

## અનુસંધાન... પાના છેલ્લાનું

### 24 કલાકમાં...

હવામાન વિભાગની આગાહી મુજબ સોમવાર મોડી રાત્રિથી શરૂ થયેલો વરસાદ મંગળવારે સવારથી જ ધમાકેદાર રીતે વરસ્યો હતો. કાળા ડિબાંગ વાદળો અને ઠંડકભર્યા વાતાવરણથી લોકોને ગરમીમાંથી રાહત મળી હતી, પરંતુ બીજી તરફ મનપાના વરસાદ પૂર્વેના તમામ દાવાઓ પાણીમાં ધોવાઈ ગયા હતા. સવારે 6થી બપોરે 12 વાગ્યા દરમિયાન રાંદેર ઝોનમાં 66 મીમી, સેન્ટ્રલ ઝોનમાં 59 મીમી, વરાછા-એમાં 60 મીમી, વરાછા-બીમાં 56 મીમી, ઉધના ઝોનમાં 60 મીમી, લિંબાયતમાં 57 મીમી, કતારગામમાં 45 મીમી અને અઠવા ઝોનમાં 43 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે સમગ્ર જિલ્લામાં કામરેજ તાલુકામાં સૌથી વધુ 60 મીમી વરસાદ વરસ્યો હતો.

આટલા મર્યાદિત વરસાદમાં જ ઉધના, ભેસ્તાન, પાંડેસરા, લિંબાયત, વરાછા, કતારગામ, વેસુ વીઆઈપી રોડ, ઉધના દરવાજા, ગોડાદરા સહિતના વિસ્તારોમાં રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઉધનાના ગરનાળામાં કમર સુધી પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. ગોડાદરામાં તો રસ્તાઓ પર નદી વહેતી હોય તેવા દૃશ્યો સર્જાયા હતા.પીક અવર્સ દરમિયાન હજારો નોકરીયાતો અને વેપારીઓ રસ્તા પર જ ટ્રાફિકજામમાં કલાકો સુધી અટવાઈ ગયા હતા. અનેક સ્થળોએ વાહનો બંધ પડી જતાં સ્થિતિ વધુ વિકટ બની હતી.

### બુદ્ધિનું પ્રદર્શન !,...

આવ્યો છે. રાંદેરના ઝઘડિયા ચોકડી (વાઘોડિયા રોડ) નજીક પાલિકા દ્વારા કરાયેલા અધૂરા ખોદકામમાં વરસાદી પાણી ભરાતા લક્ષ્મણ જેઠાનીની કાર ખાબકી ગઈ હતી. અકસ્માતમાં સ્ટિયરિંગ સાથે માથું અથડાતા તેને ગંભીર ઈજા પહોંચી હતી અને 108 એમ્બ્યુલન્સ મારફતે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં તેમના માથા પર ચાર ટાંકા લેવા પડ્યા હતા. સિટી સ્કેન સહિતના રિપોર્ટ સામાન્ય આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. ઘટના બાદ ઈજાગ્રસ્ત હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા ત્યારે પાલિકાએ ક્રેનથી કાર બહાર કાઢવાને બદલે કાર આસપાસ પથ્થર, રેતી અને કપચી નાખી ખાડો પૂરવાનો પ્રયાસ કર્યો હોવાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. આ ઘટનાને લઈને નાગરિકોમાં ભારે રોષ ફેલાયો છે અને પાલિકાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

### નવસારીમાં 6...

30 મીમી, ઉમરપાડા તાલુકામાં 10 મીમી પાણી પડ્યું હતું. તાપી જિલ્લાના ડોલવણ અને વાલોડ તાલુકામાં 1.1 ઈંચ, જ્યારે વ્યારા અને છેવાડાના કુકરમુંડા બંને તાલુકામાં 0.8 વરસાદ નોંધાયો હતો. ભરૂચના તમામ નવ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. જેમાં હાંસોટમાં સૌથી વધુ 30 મીમી વરસાદ નોંધાયો હતો.

### જિલ્લામાં સૌથી...

પ્રસરી ગઈ છે અને વાતાવરણમાં ચોમાસાનો અસલી માહોલ જામ્યો છે. ગઈકાલથી આજે સાંજ સુધી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સારો વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધારે 4 ઈંચ વરસાદ સુરત શહેરમાં નોંધાયો છે. હવામાનમાં આવેલા બદલાવને કારણે તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે અને લોકોને ગરમી તથા ઉકળાટમાંથી રાહત મળી છે. છેલ્લા બે દિવસથી છવાયેલા વાદળછાયા વાતાવરણ અને વરસાદી માહોલને કારણે સમગ્ર જિલ્લામાં ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે.

### જૂન મહિનામાં કુલ 85.42 મીમી વરસાદ નોંધાયો

ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષના જૂન મહિનામાં સુરત જિલ્લામાં કુલ 85.42 મીમી વરસાદ નોંધાયો છે. આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે 5 જુલાઈ સુધી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. જેના કારણે આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત રહે તેવી સંભાવના છે.

### વરસાદના વિલંબથી...

પાક નષ્ટ થયો છે, જેના કારણે બજારમાં આવક ઘટી છે. બાબુભાઈ શેખે વધુમાં જણાવ્યું હતું કે, ઉનાળાની ઋતુમાં માંસાહારી લોકો પણ લીલા શાકભાજીનો વધુ ઉપયોગ કરતા હોવાથી માંગમાં વધારો રહે છે. બીજી તરફ પુરવઠો ઘટતાં હોલસેલ બજારમાં ભાવમાં સતત તેજી જોવા મળી રહી છે. જો આગામી દિવસોમાં સારો વરસાદ થશે તો નવા પાકની આવક વધતાં શાકભાજીના ભાવમાં રાહત મળવાની શક્યતા છે.

### 3 માસ પહેલા...

બહાર કાઢવામાં આવ્યો હતો. મોટા વરાછામાં થોડા સમય પહેલાં જ અહીં સ્ટોર્મ ડ્રેનેજની કામગીરી પૂર્ણ થયા બાદ નવો રસ્તો બનાવવામાં આવ્યો હતો. જોકે પ્રથમ જ વરસાદમાં રસ્તો ધોવાઈ જતાં કોન્ટ્રાક્ટરની કામગીરી અને પાલિકાના સુપરવિઝન સામે ગંભીર સવાલો ઊભા થયા છે. જો સમયસર રસ્તો બંધ ન કરવામાં આવ્યો હોત તો કોઈ મોટી જાનહાનિ સર્જાઈ શકતી હતી. ઘટનાની જાણ થતાં મેયર, સ્થાયી સમિતિના અધ્યક્ષ અને સરથાણા ઝોનના અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. વહીવટી તંત્રએ તાત્કાલિક વાહનવ્યવહાર બંધ કરીને યુદ્ધના ધોરણે સમારકામ શરૂ કરાવ્યું હતું. સરથાણા ઝોનના અધિકારીઓએ પ્રાથમિક કારણ તરીકે ભૂતકાળમાં તાપી કાંઠે થયેલા માટી પુરાણના કારણે અંદરથી માટી ધોવાઈ જતાં રસ્તો બેસી ગયો હોવાનું જણાવ્યું હતું. જોકે સ્થાનિકોમાં કરોડોના ખર્ચ છતાં પ્રથમ જ વરસાદમાં રસ્તો ધસી પડતાં ભારે રોષ જોવા મળ્યો હતો.

### ચોમાસાની બદલાતી...

આટલો લાંબો વિલંબ કરીને વરસાદ શરૂ થવાનો આ સૌથી મોડો કિસ્સો માનવામાં આવી રહ્યો છે. સુરતમાં ચોમાસાના આગમનની તારીખો પર નજર કરીએ તો વર્ષ 2017માં 12 જૂન, 2018માં 25 જૂન, 2019માં 25 જૂન, 2020માં 14 જૂન, 2021માં 12 જૂન, 2022માં 16 જૂન, 2023માં 25 જૂન, 2024માં 11 જૂન, 2025માં 16 જૂન અને 2026માં 24 જૂને સત્તાવાર આગમન નોંધાયું છે. આમાંથી વર્ષ 2024માં ચોમાસું સામાન્ય કરતાં વહેલું આવ્યું હતું, જ્યારે 2018, 2019 અને 2023માં 25 જૂને મોડું આગમન નોંધાયું હતું. હવે 2026માં પણ ચોમાસું 24 જૂને પહોંચતાં છેલ્લા દસ વર્ષમાં ચોથી વખત ચોમાસું સામાન્ય સમય કરતાં નોંધપાત્ર મોડું રહ્યું છે.

### સરેરાશ સામે નવો ટ્રેન્ડ

IMDના ધોરણ મુજબ સુરત જિલ્લામાં ચોમાસાનું સામાન્ય આગમન 13થી 19 જૂન વચ્ચે ગણાય છે. છેલ્લા દસ વર્ષના આંકડાઓ પરથી જોવામાં આવે તો ચોમાસાનું આગમન 11 જૂનથી લઈને 25 જૂન સુધીના સમયગાળામાં નોંધાયું છે. એટલે કે લગભગ બે અઠવાડિયાનો તફાવત જોવા મળે છે, જે ચોમાસાની અનિશ્ચિતતા તરફ સંકેત કરે છે. દસ વર્ષમાંથી છ વર્ષમાં ચોમાસું સામાન્ય સમયગાળામાં અથવા તેની આસપાસ આવ્યું છે, જ્યારે ચાર વર્ષમાં નોંધપાત્ર વિલંબ નોંધાયો છે. એટલે કે લગભગ 40 ટકા વર્ષોમાં સુરતને મોડા ચોમાસાનો સામનો કરવો પડ્યો છે.

### હવામાનની અનિશ્ચિતતા વધી રહી હોવાના સંકેત

છેલ્લા દાયકાના આંકડાઓ દર્શાવે છે કે સુરતમાં ચોમાસાના આગમનની તારીખમાં વર્ષે વર્ષે નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. ક્યારેક ચોમાસું સામાન્ય કરતાં વહેલું આવે છે તો ક્યારેક એક સપ્તાહથી વધુ મોડું પહોંચે છે. આ વર્ષે તો સત્તાવાર આગમન બાદ પણ વરસાદ મોડો શરૂ થતાં ચોમાસાની બદલાતી પ્રકૃતિ વધુ સ્પષ્ટ બની છે. હવામાન નિષ્ણાતોના મતે વૈશ્વિક હવામાન પરિવર્તન, અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં સર્જાતી હવામાન પ્રણાલીઓ તેમજ પવનની સ્થિતિ જેવા પરિબળો ચોમાસાના આગમન અને વરસાદના વિતરણને અસર કરતા હોય છે. આગામી વર્ષોમાં પણ આવી અનિશ્ચિતતા યથાવત રહે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

### મહિલાઓને ટાર્ગેટ...

રસ દાખવનારી મહિલાઓનો કોલ સેન્ટરના કર્મચારીઓ સંપર્ક કરતા અને તેમને નિષ્ણાત ડોક્ટરો દ્વારા વ્યક્તિગત સારવાર અપાશે તેવી ખાતરી આપવામાં આવતી હતી. ત્યારબાદ નકલી ડોક્ટરો મહિલાઓ સાથે વાતચીત કરીને મોંઘી દવાઓ ખરીદવા દબાણ કરતા હતા. દવાઓના નામે લાખો રૂપિયાની વસૂલાત કરવામાં આવતી હતી. પોલીસે સમગ્ર કોલ સેન્ટરની કામગીરી અને દેશભરમાં ચાલતા આ નેટવર્કની વિગતવાર તપાસ શરૂ કરી છે.

### ચાર વર્ષમાં...

કરોડ સુધીની છેતરપિંડી થઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ફરિયાદી મહિલા પાસેથી વસૂલાયેલા રૂ.1.77 કરોડમાંથી માત્ર રૂ.15 હજાર જ બેંક મારફતે લેવામાં આવ્યા હતા, જ્યારે બાકીની સમગ્ર રકમ રોકડમાં વસૂલવામાં આવી હતી. પોલીસ હવે રોકડ વ્યવહારોના હિસાબ, નાણાં ક્યાં રોકાયા અને અન્ય કેટલા લોકો આ કૌભાંડનો ભોગ બન્યા તેની દિશામાં ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

### પ્રાથમિક શાળાઓમાં...

ઘટના સર્જાઈ હતી. આ ઘટનાને ગંભીરતાથી લઈ ભવિષ્યમાં આવી પ્રકારની કોઈપણ ઘટના ફરી ન બને તે માટે સમગ્ર રાજ્યમાં સાવચેતીના પગલાં લેવા નિર્ણય લેવામાં આવ્યો છે. પરિપત્રમાં સ્પષ્ટ જણાવાયું છે કે વિદ્યાર્થીઓ વચ્ચે રમૂજી પ્રવૃત્તિ કે મસ્તી દરમિયાન કોઈ વિદ્યાર્થીને શારીરિક કે માનસિક નુકસાન પહોંચે તેવી કોઈપણ પ્રવૃત્તિને શાળામાં પ્રોત્સાહન આપવામાં ન આવે અને તેના પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે. શિક્ષણ વિભાગે તમામ શાળાઓને વિરામ સમય તેમજ શાળા સમય દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ પર સતત અને પૂરતી દેખરેખ રાખવા જણાવ્યું છે. ખાસ કરીને જ્યાં વિદ્યાર્થીઓ એકત્રિત થાય છે તેવા સ્થળોએ શિક્ષકોની સક્રિય હાજરી સુનિશ્ચિત કરવાની સૂચના આપવામાં આવી છે.

### ઘટનાની જાણ તાલુકા અને જિલ્લા કચેરીને તાત્કાલિક કરવી

જો કોઈ અણધારી ઘટના બને તો શાળા દ્વારા તાત્કાલિક જરૂરી કાર્યવાહી હાથ ધરી તેની જાણ તાલુકા અને જિલ્લા કચેરીને વિલંબ વિના કરવાની રહેશે. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીએ તમામ જિલ્લા કક્ષાના અધિકારીઓને પોતાના અધિકારક્ષેત્ર હેઠળની દરેક પ્રાથમિક શાળામાં આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા આદેશ કરાયો છે.

### વજન ઘટાડવાના...

ધમધમતા એક હાઈટેક અને બોગસ કોલ સેન્ટર પર દરોડો પાડીને વજન ઘટાડવાની પ્રોડક્ટ્સ અને ટ્રીટમેન્ટના નામે કરોડો રૂપિયાની ઠગાઈ કરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ શાતિર ટોળકીએ ‘ક્યોરેસ્ટ સાયન્સ એન્ડ વેલનેસ પ્રાઈવેટ લિમિટેડ’ નામની નકલી કંપની ઊભી કરી આખા દેશમાં માયાવી જાળ ફેલાવી હતી. સુરતના અડાજણ વિસ્તારની એક ગૃહિણીને જાળમાં ફસાવી આ ગેંગે માત્ર પાંચ મહિનામાં જ રૂ. ૧.૭૭ કરોડથી વધુની રકમ પડાવી લીધી હતી. પોલીસે આ રેકેટના બે મહિલા સહિત ચાર સભ્યોને ઝડપી લીધા છે, જ્યારે કંપનીના ડિરેક્ટર સહિત ચાર સાગરીતોને વોન્ટેડ જાહેર કર્યા છે.

સાયબર પોલીસના જણાવ્યા અનુસાર, અડાજણ વિસ્તારમાં રહેતી એક પરિણીતાને ફેસબુક પર વજન ઓછું કરવા માટેની એક આકર્ષક લિંક જોવા મળી હતી. આ લિંક પર ક્લિક કરતાની સાથે જ ગુરુગ્રામની આ ટોળકી સક્રિય થઈ ગઈ હતી. આરોપીઓએ વોટ્સએપ અને ડાયરેક્ટ કોલિંગ દ્વારા ગૃહિણીનો સંપર્ક સાધ્યો હતો. પોતે જાણીતી વેલનેસ કંપનીના નિષ્ણાત ડોક્ટરો અને એડવાઈઝરો હોવાની ખોટી ઓળખ આપીને પીડિતાને વિશ્વાસમાં લીધી હતી. કસ્ટમાઈઝ્ડ પ્રોફાઈલ બનાવી ખાસ ટ્રીટમેન્ટ અને મોંઘી દવાઓ આપવાના બહાને અલગ-અલગ તબક્કે કુલ રૂ. ૧,૭૭,૪૦,૫૦૦ પડાવી લીધા હતા.

### રૂપિયા લેવા આવેલા કુરિયર બોયની ધરપકડ બાદ ગુરુગ્રામમાં દરોડો

પીઆઈ અને તેમની ટીમે ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ શરૂ કરી હતી. દરમિયાન, બાકીના રૂ. ૮૧ લાખ અને દવાનું પાર્સલ કલેક્ટ કરવા માટે ‘રાહુલ રાજ’ નામ ધારણ કરીને સુરત આવેલા કુરિયર બોયને પોલીસે છટકું ગોઠવીને રંગેહાથ ઝડપી લીધો હતો. તેની આકરી પૂછપરછમાં આખું કૌભાંડ હરિયાણાથી ચાલતું હોવાનું ખુલ્યું હતું.સુરત સાયબર ક્રાઈમની એક ટીમ તાત્કાલિક ગુરૂગ્રામ પહોંચી હતી અને સ્થાનિક પોલીસની મદદથી ક્યોરેસ્ટ કંપનીના ભવ્ય કોલ સેન્ટર પર ત્રાટકી હતી. આ આખી ઓફિસમાં અંદાજે ૧૫૦ જેટલા કર્મચારીઓ બેસીને દેશભરના લોકોને ટાર્ગેટ કરતા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે સ્થળ પરથી બે મહિલા સહિત ચાર મુખ્ય સાગરીતોને દબોચી લીધા છે અને તેમની પાસેથી ત્રણ મોબાઈલ, બે લેપટોપ, દવાના પાર્સલો અને રૂ. ૭૦ હજારની રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ખરડાયેલી કંપનીના ડિરેક્ટરો સુધી પહોંચવા માટે પોલીસે તપાસ લંબાવી છે.

### ઝડપાયેલા અને આરોપીઓ

મોહમ્મદ હુસૈન ઉર્ફે રાહુલ રાજ મોહમ્મદ મુતુર્જા (ઉ.વ.26, રહે. સાલાપુર ગામ, બીજવાસન, દિલ્હી, ધંધો કુરિયર બોય), હેના વિમલેશ મંડલ (ઉ.વ.21, રહે. રાજાકરી, દિલ્હી), નિશા કુમારી દયાનંદ ભારતી (ઉ.વ.22, રહે. ગુરુગ્રામ, હરિયાણા) અને ઓમ પ્રકાશ રજાક ટુની રજાક (ઉ.વ.24, રહે. શારદાપુરી, દિલ્હી)ની પોલીસે ધરપકડ કરી છે. વોન્ટેડ આરોપીઓ કંપનીના ડાયરેક્ટર અમિત ગૌરવ, કંપનીના ડાયરેક્ટર અને સીઈઓ પંકજ શર્મા, કંપનીના મેનેજર દીપક તથા અર્સલાનને ફરાર જાહેર કરી પોલીસે તેમની શોધખોળ શરૂ કરી છે. સમગ્ર કૌભાંડમાં તેમની ભૂમિકાની તપાસ ચાલી રહી છે.

### દિલ્હીથી પાર્સલ લઈને આવતા કર્મચારીઓ સીધા ઘેર પહોંચતા

આ ગેંગની મોડસ ઓપરેન્ડી ખૂબ જ સુનિયોજિત હતી. કંપનીની તમામ દવાઓ દિલ્હીથી કંપનીના પોતાના કુરિયર બોય દ્વારા સીધી ગ્રાહકોના ઘરે પહોંચાડવામાં આવતી હતી. દવા આપતી વખતે મોટાભાગની રકમ રોકડમાં લેવામાં આવતી હોવાથી બેંકિંગ વ્યવહારોનો કોઈ પુરાવો રહેતો નહોતો. ફરિયાદી મહિલાને વધુ એક વખત રૂ.81 લાખની દવા આપવાના બહાને કુરિયર બોય મોકલાયો હતો. સાયબર ક્રાઇમે મહિલાના ઘરે ટ્રેપ ગોઠવી કુરિયર બોયને રંગેહાથ ઝડપી લીધો હતો. તપાસમાં ખુલ્યું કે અગાઉ પણ અનેક વખત આ જ રીતે લાખો રૂપિયાની નકલી દવાઓ પહોંચાડવામાં આવી હતી.

પોલીસે અન્ય કુરિયર બોયને પણ ઝડપી સમગ્ર ડિલિવરી નેટવર્કનો ભાંડો ફોડ્યો છે. હવે રોકડ વ્યવહારોના સ્ત્રોત અને અન્ય ગ્રાહકો અંગે તપાસ ચાલી રહી છે.

### સુરતમાં કાર્યવાહી બાદ ગુરુગ્રામમાં પણ સાયબર ગુનો નોંધાયો

સાયબર ક્રાઇમે અત્યાર સુધીમાં કુરિયર બોય મહોમ્મદ હુસૈન ઉર્ફે રાહુલ રાજ, કોલ સેન્ટરમાં કામ કરતી હેના, નિશા કુમારી અને અગાઉ દવાઓ પહોંચાડનાર ઓમપ્રકાશ રજાકની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન કંપનીના ડિરેક્ટર અમિત ગૌરવ, ડિરેક્ટર તથા સીઈઓ પંકજ શર્મા, મેનેજર દીપક અને અર્સલાન મુખ્ય સૂત્રધાર હોવાનું સામે આવ્યું છે. ચારેય આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે. સુરત સાયબર ક્રાઇમમાં ગુનો નોંધાયા બાદ ગુરુગ્રામ કમિશનરેટમાં પણ અલગ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. ઉપરાંત એનસીસીઆરપી (NCCRP) પોર્ટલ પર પણ આ જ કંપની સામે ફેક પ્રોડક્ટ અને સાયબર છેતરપિંડીની ચાર ફરિયાદો નોંધાઈ હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. સમગ્ર દેશવ્યાપી નેટવર્કના અન્ય સભ્યો સુધી પહોંચવા તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે.